ક્રમાંકઃ જીઆઇડીસી/ઇએનજી/જા.આ./૧૯

જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર

તારીખઃ- ૨૯/૦૭/૨૦૧૪

// પરિપત્ર //

વિષયઃ નિગમની ઔધોગિક વસાહત બહારના ઉદ્યોગોના ગંદા પાણી (effluent) માટે ભૂગર્ભ ગટર વ્યવસ્થાના જોડાણ અન્વયે મૂડી ખર્ચની વસૂલાત માટે એકમ ધ્વારા માંગણી થયે હપ્તાથી વસૂલાત મેળવવા અંગે.

<u>પૂર્વભૂમિકાઃ-</u>

નિગમના પ્રસ્થાપિત નિયમો અન્વયે ભૂગર્ભ ગટર વ્યવસ્થાની માળખાકીય સુવિધાઓ સામાન્ય રીતે વસાહતમાં આવેલા એકમો માટે ઉભી કરવામાં આવે છે. પરંતુ જો વસાહતની બહાર આવેલા એકમો ધ્વારા માંગણી કરવામાં આવે તો ચોક્કસ શરતોએ બહારના એકમોને પણ ભૂગર્ભ ગટર જોડાણ આપવાની નિગમની નીતિ છે. પ્રવર્તમાન સંજોગોમાં બહારના એકમો માટે ગટર વ્યવસ્થાનો ભાગે પડતો મૂડી ખર્ચ એક સાથે આગોતરો લેવાની નિગમની નીતિ છે. પરંતુ વસાહતની બહાર આવેલા કેટલાક એકમો ધ્વારા તેઓને પણ મૂડી ખર્ચની વસૂલાત માટે હપ્તાની સગવડ આપવાની રજૂઆત હોઇ નિગમની તા.૨૦/૦૬/૨૦૧૪ ના રોજ યોજાયેલ ૪૭૬ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંકઃ ૫/ઇજનેર/૪૭૬ થી દરખાસ્ત સાદર કરવામાં આવેલ. જે અન્વયે નિગમની સભા ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૦૨/ઇજનેર/૪૭૬/૨૦૧૪ થી થયેલ નિર્ણય નીચે મુજબ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>નિર્ણયઃ-</u>

નિગમની વસાહતની બહારના એકમો કે જેના માટે ભૂગર્ભ ગટર યોજનાનું જોડાણ આપવાની બાબતને નિગમ ધ્વારા મંજૂરી આપવામાં આવેલી હોય, તેવા એકમો થકી મૂડી ખર્ચની વસૂલાત અન્વયે જો હપ્તાની માંગણી કરવામાં આવે તો નીચે મુજબની શરતોએ હપ્તેથી વસૂલાત કરવાની મંજૂરી આપવામાં આવે છે.

(૧) એકમની ભૂગર્ભ ગટર વ્યવસ્થાની ક્ષમતા મુજબની મૂડી ખર્ચની કુલ ભરવાપાત્ર રકમનાં ૫૦% ડાઉન પેમેન્ટ તરીકે પ્રથમ વસૂલ લેવાનાં રહેશે.

(૨) બાકીની ૫૦% રકમનાં, મહત્તમ બે વર્ષ સુધીમાં તમામ રકમ ભરાઇ જાય તે મુજબનાં પ્રવર્તમાન વ્યાજ સહિતનાં મહત્તમ આઠ ત્રિમાસિક હપ્તા આગોતરા ચેક (PDC) તથા લેખિત બાંહેધરી લઇને મંજૂર કરવાનાં રહેશે.

(3) કોઇ પણ પ્રકારનાં Default ના કિસ્સામાં કોઇ પણ નોટિસ આપ્યા સિવાય ભૂગર્ભ ગટર કનેકશન બંધ કરી ઉચિત પગલાં લેવાનો નિગમનો અધિકાર રહેશે.

(૪) કોઇ પણ પ્રકારનાં Default ના કિસ્સામાં ભૂગર્ભ ગટર વ્યવસ્થાનો કરાર સંપુર્ણ રદ કરવામા આવશે અને આ અંગે એકમ દ્વારા ભરપાઇ કરવામાં આવેલ મૂડી ખર્ચની રકમ પરત કરવામાં આવશે નહી.

(૫) ઉપરોક્ત મંજુરી સમયે એકમના દ્વારા જી.આઇ.ડી.સીના જો કોઇપણ પ્રકારના બાકી લ્હેંણા હોય તો તે લ્હેંણા ભરપાઇ કરવાના રહેશે.

સહી/-

(બી.બી. સ્વૈન)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ ............
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદતરફ ............
- નિગમના તમામવસાહતોના માન્ય ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ ...........

રવાના કર્યું

(signature)

જ.મે. (ઇ.એન્ડ એ)

TO,
PROGRAMEER